વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

અનસૂયા

Anasooya (Gujarati Fortnightly)

વર્ષ - ૪૩ : અંક - ૧૧-૧૨ ❋ આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ ❋ તંત્રી : નમ્રતા બાલી ❋ પ્રકાશન : ડિસે. ૬, ડિસે. ૨૨, ૨૦૨૫

# મહિલા, અસંગઠિત કામદાર અને નવા લેબર કોડ (શ્રમ સંહિતા)

૨૧ નવેમ્બરે, ૨૦૨૪ના રોજ ચાર કોડ નવા લેબર કોડ (શ્રમ સંહિતા) અસ્તિત્વમાં આવ્યા. જેમાં કૂલ ૪૪ શ્રમ કાનૂનોમાંથી ૨૯ જૂદા જૂદા શ્રમકાનૂનોને આવરી લઈને નવા ચાર કોડ બન્યાં છે. આનો ઈતિહાસ ૨૫ વર્ષ જૂનો છે જે બીજા રાષ્ટ્રીય શ્રમ આયોગ દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો.

બીજું નેશનલ કમિશન ઓન લેબર ૧૯૯૯માં રવીન્દ્ર વર્માજીની અધ્યક્ષતા હેઠળ સરકારે રચેલું જેમાં, ઈલાબહેન પણ સભ્ય હતાં. આ કમિશનના બે એજન્ડા હતાં.

- અસંગઠિત ક્ષેત્રના શ્રમ કાનૂનોને તર્કસંગત બનાવવા.
- અસંગઠિત ક્ષેત્રને રક્ષણ આપતું અમ્બ્રેલા લેજીસ્લેશન બનાવવું.

આના ઘણા ડ્રાફ્ટ બન્યા અને અંતે વર્ષ ૨૦૦૮માં અસંગઠિત ક્ષેત્રના કામદારો માટે સામાજિક સુરક્ષાનો કાયદો બન્યો. આમાં બે પ્રશ્નો (પડકારો) આવ્યા. એક તો, આટલા મોટા દેશના ૯૩% વિશાળ અસંગઠિત ક્ષેત્ર સુધી પહોંચવું અને આટલા વિશાળ વર્ગની સામાજિક સુરક્ષા માટે ફંડ મૂકવું. જો કે, 'સેવા'એ આ કાયદો બને તે માટે ખૂબ મહત્વનો તેમજ અગત્યનો ભાગ ભજવેલો.

પરંતુ, સરકારે આ કાનૂન માટે ફંડ ફાળવ્યા નહીં, તેથી આ કાનૂન સફળ ના થયો. અસંગઠિત ક્ષેત્ર અને મહિલાઓ માટે સામાજિક સલામતી આપવી હોય તો ફંડ ફાળવણી કરવી જરૂરી છે.

આમ કરવાની જરૂર પડી કારણ કે, બધા શ્રમ કાનૂન બહુ જૂના હતા જે, ૧૯૩૦ -૧૯૫૦ના સમયમાં બનાવેલા. જે સમય સ્વતંત્રતા પહેલાંના હતા. અને સ્વતંત્રતા મળી તે પછીના તરત ના સમયના હતાં. પરંતુ તે વખતે સમાજમાં માન્યતા હતી કે, મહિલાઓનું કામ ઘર સંભાળવાનું છે અને પુરુષનું કામ કમાવવાનું છે, એટલે મહિલાઓના શ્રમની દ્રશ્યતા ન હતી. જેમ કે, ઘરમાં સિલાઈ કરતી તેમજ બીજા કામો કરતી મહિલાને કામદાર માનતા નહોતા. આ જુના કાયદાઓમાં અસંગઠિત વર્ગને આવર્યા ન હતા. કદાચ એ વખતે એવું લાગતું હશે કે, અસંગઠિત વર્ગ ધીમે ધીમે ગાયબ થઈ જશે. પરંતુ, એવું થયું નહીં અને આજે ૯૩% મહિલા અસંગઠિત વર્ગમાં છે. જૂના શ્રમ કાનૂનોમાં અસંગઠિત કામદારની દ્રશ્યતા ન હતી. બધા જૂના શ્રમ કાનૂનોમાં માલિક-નોકરના સંબધ પર આધારિત હતાં અને કામનું સ્થળ ફેક્ટરી અથવા વર્કશેડ હતાં. જેથી, ઘરખાતા કામદાર, ઘરેલું કામદાર (ડોમેસ્ટિક), સ્ટ્રીટ વેન્ડર, કેઝ્યુઅલ કામદાર કે જ્યાં, સહુથી વધુ સ્ત્રી કામદારો છે જેના કોઈ માલિક ન હતા અને જે ફેક્ટરીમાં કામ કરતાં ન હતાં તેવાં તમામ કામદારો કાનૂનથી બહાર થઈ ગયા હતા.

'સેવા' એ આ ચારેય લેબર કોડમાં અસંગઠિત ક્ષેત્રને શું જોઈએ છે તેમજ એકે-એક ડ્રાફ્ટ કોડમાં શું શું સુધારવાની જરૂર છે તેના સૂચનો સરકારને આપ્યા તેમજ સંસદીય સ્થાયી સમિતિમાં પણ આ સૂચનો આપ્યા.

૯૦% મહિલા કામદાર અસંગઠિત ક્ષેત્રમાં છે અસંગઠિત ક્ષેત્રના કામદારો માટે સહુથી અગત્યનો તે સામાજિક સુરક્ષાનો કોડ. જેમાં, 'સેવા'એ આપેલાં સૂચનોને સરકારે ધ્યાનમાં લીધાં. પરિણામે, આ કોડમાં ઘરખાતા કામદારો, સ્વાશ્રયી કામદારો (સેલ્ફ એમ્પ્લોયડ વર્કર્સ) વેઈજ વર્કર્સ, અસંગઠિત ક્ષેત્ર, અસંગઠિત કામદાર, રાષ્ટ્રીય/ રાજ્યસ્તરના સામાજિક સુરક્ષા બોર્ડ અને તેમાં અસંગઠિત ક્ષેત્રના કામદારોના પ્રતિનિધિત્વની સ્પષ્ટ વ્યાખ્યાઓ છે તેમજ, આંતર રાજ્ય સ્થળાંતરિત કામદારો, બાંધકામ કામદારો, પ્લાન્ટેશન વર્કસની પણ સ્પષ્ટ વ્યાખ્યાઓ છે. ઘરખાતા કામદારો આપણા દેશમાં ત્રણ કરોડ છે. જેમાં, સૌથી વધારે સ્ત્રી કામદારો છે તેમને સામાજિક સુરક્ષા કોડમાં લીધા છે અને તે ખરેખર સરાહનીય અને ઉમદા પગલું છે.

સામાજિક સુરક્ષા સંહિતા ૨૦૨૦એ સામાજિક સુરક્ષા સંબધિત કાયદાઓમાં સુધારાનો છે. જેનો ઉદ્દેશ્ય સંગઠિત અથવા અસંગઠિત કોઈપણ ક્ષેત્રોમાં કામ કરતાં તમામ કામદારોને સામાજિક સુરક્ષા હેઠળ આવરી લેવાનો છે.

આ સંહિતા વૃદ્ધાવસ્થા, માતૃત્વ, અકસ્માત આરોગ્ય સંભાળ, આવક સુરક્ષા કામદારોને મળે તે માટેની સુરક્ષા પ્રદાન કરતાં પગલાનો ઉલ્લેખ કરે છે.

આ કોડની મુખ્ય જોગવાઈઓ જોઈએ તો, આ કોડ હેઠળ અસંગઠિત કામદારો માટે રાષ્ટ્રીય/ રાજ્ય સ્તરોના સામાજિક સુરક્ષા બોર્ડ સ્થપાશે. આ બોર્ડમાં અસંગઠિતક્ષેત્રના કામદારોના સાત તેમજ, અસંગઠિત ક્ષેત્રના માલિકોના સાત પ્રતિનિધિઓને પ્રતિનિધિત્વ મળશે. અસંગઠિત ક્ષેત્રના માલિકોને પ્રતિનિધિત્વ સહુ પ્રથમ વાર આ કોડ હેઠળ મળશે.

આ બોર્ડનું મુખ્ય કામ તે અસંગઠિત ક્ષેત્રના કામદારોના માટેની સામાજિક સુરક્ષા યોજનાઓ બનાવશે તેમજ તેનું મોનીટરીંગ કરશે જે ખૂબ જ મહત્વનું તેમજ અગત્યનું છે. પરંતુ, આ કોડ અસરકારક ત્યારે થશે જયારે એમાં સરકાર પુરતું ફંડ આપે, નહીં તો આ કોડ પણ ૨૦૦૮ના કાયદાની જેમ નકામો રહી જશે, બિન ઉપયોગી થશે.

આ સંહિતા હેઠળ અસંગઠિત ક્ષેત્રના કામદારોને સામાજિક સુરક્ષા આપતું બોર્ડ તેમજ બાંધકામ બોર્ડ હેઠળ નોંધણી, ફેર નોંધણી, ઓળખપત્ર તેમજ સામાજિક સુરક્ષા યોજનાનો લાભ લેવા માટે ઈલેક્ટ્રોનિકલી અને આધાર કાર્ડ પર રજિસ્ટર્ડ ફોન નંબર પર ઓ.ટી.પી દ્વારા થશે. આ અસંગઠિત ક્ષેત્રને અઘરું પડશે. કારણ કે, આ કામદારો જે કંપનીના સસ્તા પડતા હોય તે સીમ કાર્ડ લેતાં હોય છે. આથી, આધાર કાર્ડ પર રજિસ્ટર્ડ નંબર પર ઓ.ટી.પી. આવશે જે, ફોન નંબર બદલાયેલો હશે. આનો ઉકેલ જોઈએ તો, ડીજીટાઈઝેશન માટે ટ્રાન્ઝીશન પીરીયડ હોવો જોઈએ. વળી, આ કોડ હેઠળ બનેલ સામાજિક સુરક્ષા બોર્ડ હેઠળ કામદારોની ફેર નોંધણી (રીન્યુઅલ) દર ૧૦ વર્ષે કરવી જોઈએ. જેથી સાચા કામદારો તેમાંથી બાકાત ના રહી જાય, નહીં તો વારંવાર ફેર નોંધણી થશે તો આ વિશાળ અસંગઠિત ક્ષેત્રને પહોંચી નહીં વળાય...

આ અસંગઠિત કામદારોને સામાજિક સુરક્ષા યોજના હેઠળના લાભો ચુકવવા માટે એક સામાજિક સુરક્ષા ભંડોળ બનાવવામાં આવશે તેમાં કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા, સી.એસ.આર ભંડોળ દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવશે.

સામાજિક સુરક્ષા કોડ હેઠળ, અસંગઠિત કામદારોને જીવન વીમો, અપંગતા વીમો, આરોગ્ય અને ઈન્કમ સિક્યુરીટી (આવકની ખાતરી) ઘડપણ માટેની વગેરે જેવી સામાજિક સુરક્ષાના દાયરામાં લાવે છે.

ગીગ-પ્લેટફોર્મ વર્કર્સનો સહુથી પહેલી વાર નવી સંહિતામાં સમાવેશ થયો છે. આજના સમયમાં આ ખૂબ જ મહત્વપૂર્ણ છે. કારણ કે, આપણું અર્થતંત્ર આ કામદારો પર પણ નિર્ભર છે અને આનાથી આ અસંગઠિત ક્ષેત્રના કામદારોને સામાજિક સુરક્ષા, અકસ્માત વળતર તેમજ બીજી સામાજિક સુરક્ષા યોજનાઓનો લાભ મળશે. જેના માટેનો એક સ્ત્રોત તે પ્લેટફોર્મ ચલાવનારા પાસેથી યોગદાન તેમના વાર્ષિક ટર્નઓવરના ઓછામાં ઓછા ૧થી ૨ ટકા રહેશે.

આ કોડ હેઠળ કામદાર વીમા યોજના સંગઠિત ક્ષેત્રના કામદારોને જ લાગુ પડશે. દેશનો ૯૩% વર્કફોર્સ આમાંથી બાકાત રહી જશે. પણ હા, બાંધકામ કામદારો કે, જેમનું વેલ્ફેર બોર્ડ છે તેમાંથી માલિક-કામદારનો ફાળો કામદાર વીમા યોજના હેઠળ ભરાય તો દેશના બીજા નંબરનો ઉદ્યોગ છે જેમાં, અસંગઠિત ક્ષેત્રના કામદારો મોટા પ્રમાણમાં છે. તેમને એક સુરક્ષા કવચ મળશે આ બાંધકામ શ્રમિકોને કામદાર વીમા યોજના હેઠળ આવર્યા બાદ અસંગઠિત ક્ષેત્રના તમામ બીજા ઉદ્યોગોને આ સુરક્ષા કવચ હેઠળ આવરી લેવા જોઈએ. આનું મીકેનીઝમ આ કોડમાં નથી.

આ કોડમાં પ્રસુતિ લાભ અધિનિયમ ૧૯૭૨ મર્જ કર્યો છે, આપણા દેશના શ્રમબળમાં સ્ત્રી કામદારોનું મોટું પ્રમાણ છે પરંતુ,

જેમાંથી સમગ્ર અસંગઠિત ક્ષેત્રના સ્ત્રી કામદારો પ્રસુતિ લાભથી બાકાત જ રહેશે કારણ કે, આ કોડ જ્યાં ૧૦ કે તેનાથી વધારે કામદારો હોય તેને જ લાગુ પડશે...

આમ, સામાજિક સુરક્ષા સંહિતા માટે અમલીકરણ અને અમલીકરણ પદ્ધતિને સ્પષ્ટ કરવું તે સહુથી મહત્વનું છે. સૌથી અગત્યનું, અસંગઠિત ક્ષેત્રના કામદારો સુધી સામાજિક સુરક્ષા યોજનાઓ વિસ્તારવી જરૂરી છે તેમજ, આ માટે સરકારની નાણાંકીય પ્રતિબદ્ધતા જરૂરી છે અને બજેટ ફાળવણી ખૂબ જ મહત્વની છે.

વ્યવસાયિક સુરક્ષા, સ્વાસ્થ્ય અને કામ કરવાની શરતોની સંહિતા (૨૦૨૦)માં બાંધકામ કામદારો, પ્લાન્ટેશન વર્કર્સ, પ્રવાસી કામદારો, ડોક વર્કર્સ કોન્ટ્રાકટ લેબરનો સમાવેશ થયો છે પરંતુ, બાકીના અસંગઠિત વર્ગ કે અસંગઠિત કામદારો કે સ્વાશ્રયી કામદારોની વ્યાખ્યાનો સમાવેશ આ કોડ હેઠળ થયો નથી.

આમ, આ મોટાભાગના કામદારો તેમાંય ખાસ કરીને સ્ત્રી કામદારોનો બહોળો વર્ગ આ કોડની બહાર રહી જાય છે. વળી, આ કોડમાં એસ્ટાબ્લીશમેન્ટની વ્યાખ્યા છે તેમાં દસ કે તેથી વધારે કામદારો કામ કરતાં હોય તેને લાગુ પડશે અને અસંગઠિત ક્ષેત્રમાં તો ૧૦ નીચે કામદારો કામ કરતાં હોય છે. આમ, અસંગઠિત ક્ષેત્ર કોડની બહાર રહી જશે.

આ શ્રમ સંહિતા સ્ત્રી કામદારોની પરિસ્થિતિ અને તેમના આરોગ્યના પ્રશ્નો પર વાત નથી કરતું.

ફેકટરીમાં ૧૨ કલાક કામ કરવાનું વ્યવસાયિક સુરક્ષા સ્વાસ્થ્ય અને કામ કરવાની શરતોની સંહિતા (૨૦૨૦)માં છે. આમ જોઈએ તો, આ સંહિતા હેઠળ કામના કલાકો ૮થી ૧૨ સુધી વધ્યા છે પરંતુ, ઓવરટાઈમ અંગે સ્પષ્ટતા નથી. જેમ કે, પ્રવાસી કામદારો તો ઘણી વખત ૧૨ કલાક કામ કરે છે કે, તેવી જ રીતે સિક્યોરીટીની ફરજ બજાવનારના કામના કલાક મોટા ભાગે ૧૨ કલાક હોય છે પણ, તેમને ઓવરટાઈમનું વેતન નથી મળતું.

વેતન સંહિતા (૨૦૨૦) તમામ સંગઠિત-અસંગઠિત કામદારોને લાગુ પડે છે. આ સંહિતામાં વધુમાં એક ફ્લોર લેવલ વેતન રજૂ કર્યું છે. હાલમાં આ રાષ્ટ્રીય ફ્લોર લેવલ વેતન દૈનિક ૧૭૮/- રૂ. છે. જે તે હાલમાં રાજ્યો દ્વારા નક્કી કરવામાં આવેલ વેતન કરતાં ઓછું છે ! સંહિતા રાજ્ય સરકારને ફ્લોર લેવલ વેતન કરતાં ઓછું લઘુતમ વેતન નક્કી નહીં કરવા જણાવે છે. પરંતુ આ વખતે એ કાળજી લેવી જરૂરી છે કે, રાજ્યોમાં ફ્લોર લેવલ કરતાં વધારે લઘુતમ વેતન હોય તેમાં ઘટાડો નાં થાય.

વળી, ફ્લોર લેવલ વેતન રાજ્યના વર્તમાન લઘુતમ વેતન સાથે મેળ ખાતું હોવું જોઈએ કારણ કે, તે રાજ્યના જીવન નિર્વાહના ખર્ચ સૂચકાંક ને ધ્યાનમાં લઈને નક્કી થતાં હોય છે.

બીજું કે, વેતન સંહિતામાં અસંગઠિત ક્ષેત્ર માટે લઘુતમ વેતન નક્કી કરવાની પદ્ધતિ નથી.

વળી, સંહિતામાં ઇન્સ્પેકટર-ઈન્સ્પેક્શનને પણ સરકારે ઓછા કર્યા છે ત્યારે આ લઘુતમ વેતનનો અમલ કેવી રીતે થશે તે એક પ્રશ્ન છે. જેમ કે, ઘરખાતા સિલાઈ કામદારો કે પછી અગરબત્તી વણનાર કામદારો માટે રાજ્યોએ લઘુતમ વેતન નક્કી કરેલાં છે પણ, તે કામદારોને મળતાં નથી. તેવી જ રીતે જેમ કે, રેડીમેડ, પેકેજીંગ, ઈલેક્ટ્રિક સ્ટાર્ટર, મેડિકલ કીટને એસેમ્બ્લીંગ કરવાની, લોખંડના સ્પેર પાર્ટ્સ બનાવવાની નાની ફેક્ટરીઓમાં ના તો ઈન્સ્પેક્શન થાય છે કે, ના તો તેમને લઘુત્તમ વેતન મળે છે.

છેલ્લે, આપણા દેશની જી.ડી.પી વધી રહી છે. આ જી.ડી.પી.માં અસંગઠિત ક્ષેત્રના કામદારોનો મોટો ફાળો છે આમ તેઓ મહત્વની ભૂમિકા જી.ડી.પી.માં ભજવે છે તેમની આ ભૂમિકાને ઓળખીને શ્રમ સંહિતાઓ હેઠળ યોગ્ય અને વાજબી રક્ષણ મળવું જોઈએ.

બીજા રાષ્ટ્રીય શ્રમ આયોગે ૨૫ વર્ષ પહેલાં બતાવ્યું હતું કે, શ્રમ કાયદાઓ જૂના થઇ ગયા છે અને અસંગઠિત ક્ષેત્રની મહિલાઓ સુધી પહોંચતા નથી. જો કે, આ લેબર કોડ અસરકારક કરવા માટે જરૂરી છે કે, જરૂર પૂરતું ફંડ મૂકવામાં આવે અને એક મજબૂત લેબર ઇન્સ્પેકશનનું મીકેનીઝમ હોય.

**- મનાલી**

❑

# કોઇ મજુરી બાકી નથી રહી !

''આજના સમયમાં શું કામ કરીએ તો પરિવારના પેટ પુરતુ રળી શકાય ? ઘણાંય કામ કર્યા કોઇ મજુરી બાકી નથી રહી ! સમજણી થઇ ત્યારથી જ મા-બાપે કામ માથે નાખી દીધું તુ.'' આ શબ્દો હતા બાપુનગરના ચાંદાભાઇની ચાલીમાં રહેતાં કંકુબહેનના.

૫૫ વર્ષના કંકુબહેન કડિયાકામ કરી પોતાનું ગુજરાન ચલાવે છે. તેઓ કહે, ''મારી મા અને બાપુજી સુરેન્દ્રનગર જિલ્લાના રાપરા ગામમાં ખેતી કામ કરતાં. અમે ચાર બેનું અને બે ભાઇ એમ છ ભાઇ બહેનો. હું બીજા નંબરની દીકરી. ઘરમાં ખાવા વાળા બધા સરખા એટલે ઘરનું પુરું કરવું એ પણ બાપુજીને ઘણુ અઘરું પડતુ. મા એ મને માંડ ૪ ચોપડી ભણાવી અને નાના ભાઇ-બેનુંને રાખવા નિશાળથી ઉતારી લીધી. એમની હા'રે ખેતરમાં દા'ડીએ લઇ જતાં. ભાયુંને રાખતાની હારે થોડુ કામ કરાવતી થઇ. થોડી મોટી થઇ ત્યાં બાપુએ પરણાવીને શહેરમાં સાસરે મોકલી. સાસરે આવી ઘરમાં નાના-મોટા મળીને ૮ લોકોનો પરિવાર. ઘરવાળા સેન્ટીગ કામ કરતાં. શહેરમાં રહેવાનું તે કામ તો કરવું જ પડે નહી તો પુરું ના પડે. મારા સાસુ બીજાના ઘરે કચરા-પોતા કરવા જાય તે મને કહે તમે પણ આ કામ કરો, મેં પણ બંગલા કામ શરું કર્યુ. ત્યારે એક ઘરનું કામ કરું તેના મને મહિને ૧૫૦ રૂપિયા મળતા, એવા હું ૩ ઘરના કામ કરતી. થોડા દી' આ કામ કર્યુ ને મારે સુવાવડ આવી ને કામ છુટી ગયું. નાની દીકરીને રાખી ઘરનું કરતી. બે-ત્રણ મહિના ચમચી ભરવાનું કામ કર્યુ પછી જ્યાં હું કામ કરવા જાતી ત્યાં ગઇ તો બીજા બેન આવી ગયા હતા કામ કરવા. હવે મારે બીજું કામ શોધવાનું થયું. જ્યાં કામ માટે જાઉં ત્યાં નાના બાળકવાળાને કામ પર નો રાખે. કરવું શું ? એ ના સમજાય. ત્યારે મારા સસરાએ ઘરે ખોખા બનાવવાનું કામ લાવી આપ્યું. પાકીટ, બક્કલ અને પેન ભરવાના ખોખા ૧૦૦૦ બનાવવાના રૂપિયા ૧૨ મળતા. આખો દિવસ કામ કરું તે માંડ ૨૦ રૂપિયાનું કામ થાતું. માંડ દૂધ શાકના છુટ્ટા નીકળતા. થોડા દિવસ તો કાગળ-કચરો વિણવા પણ જતી રહેતી. તે કામ મને નો ફાવ્યું. હવે દીકરી થોડી મોટી થઇ ગઇ હતી એટલે હું બીજાને પુછતી કે, કોઇ કામ હોય તો મને કહેજોને. અમારી ચાલીમાં રહેતા લીલાબેહેને મને કીધું કે, મારી સાથે કડિયા કામ કરવા આવવું હોય તો આવજે. મેં પણ વિચાર્યુ કે, હવે કામ કર્યા વિના ચાલે એમ નહોતુ એટલે કડિયા કામે જવાનું શરુ કર્યુ. નાકે જઇએ તે કામ મળે'ય ખરું તો ક્યારેક ના યે મળે. આ કામમાં મજુરી વધારે આખો દાડો માથે ઈંટો, રેતી-સિમેન્ટની થેલીઓ ઉપાડીએ તે થાકી ને લોથ-પોથ થઇ જવાય.''

''આમ આજ દી કડિયા કામ કરી જીવન રોડવ્યું ત્યારે માંડ ઘર થયું અને છોકરાઓને પરણાવ્યા. બીજુ તો કાઇ થયું નથી. હવે આ મજુરી મારાથી નથી થાતી. આ વાતાવરણ બદલાતુ રહે છે, કોઇ ઋતુની ખબર જ નથી પડતી. દાડે દાડે ગરમી વધતી જાય છે, તાપને લીધે આખું શરીર બળે છે તે હું કામ નથી કરી શકતી. તે હવે તો મને પણ એમ જ થાય છે કે, આ બધુ અહી મુકીને ગામડા ભેળી થઇ જાઉં. ત્યાં નિરાંતે ખેતીમાં મજુરી કરીશુ, પણ શું થાય ? આ છોકરાને એ બધા ના માને, નહી તો આવી મજુરી કરી અહી રહેવું એવું ત્યાં ગામમાં રહેવું શું ખોટુ એ ને ચોખ્ખુ હવા-પાણી તો મળી રહે. આ તો અમદાવાદમાં રહીએ પણ શું થાય મજુરી કરીએ એમા માંડ ખાધા ખાય થાય ને એમા શું બચે''; ?

''આજ મોંઘવારી કેવી છે ? ને એ તો આપણા જેવી ગરીબને જ વધારે ભારે લાગે. ગમે તેટલી મહેનત કરી મજૂરી કરી આવક મેળવીએ તોય હતા ત્યાંના ત્યાંજ''; કંકુબેન ઉમેરે.

કંકુબેન જેવા બીજા શ્રમજીવી બેન જે બાપુનગર શાક માર્કેટમાં બેસીને કપડાંની ખોળો, ઓશિકાના કવર અને થેલી સીવીને વેચવાનું કામ કરતાં શારદાબહેન સોલંકી. તેમના પતિ લાકડાના દરવાજા બનાવવાનું અને રીપેર કરવાનું કામ કરે છે. બે દીકરા અને બે દીકરી છે. બધાને પરણાવી ને પરવારી ગયા છે. ઘર અને સીવવાના કામમાં દીકરોને વહુ પણ મદદ કરે છે. એક દીકરો બાપુનગર છેલ્લા બસ સ્ટોપ પાસે દાબેલી અને બ્રેડ પકોડાની નાસ્તાની લારી ચલાવે છે. એને પણ નાસ્તાની લારી તૈયાર કરવામાં એની પત્ની મદદ કરે. બીજો દીકરો કારખાનામાં કામ કરે છે.

શારદાબેન કહે, ''૩૦ વર્ષ પહેલાં કામ નહોતું મળતું તે ગામડેથી શહેર આવી ગયા. અમારા ગામથી આવી ત્યારે મારી પાસે કાંઇજ હતું નહી, ઉપર આભ ને નીચે ધરતી ! વધારાનું ખાલી પેટ. મારા બાળકો પણ સાવ નાના ને મારા માસીસાસુ જમાલપુર દૂધવાળી ચાલીમાં રહેતા તેમના ઘરમાં જેમ તેમ થોડા દિવસો સાથે રહયા. અને પછી અમે ત્યાં જ નદી કાંઠે એક નાનું ઝુંપડુ વાળીને રહેવા લાગ્યાં. ધીરે —ધીરે મારા ઘરવાળાએ કામ કરવાનું શરૂ કર્યુ. ને મેં પણ થોડુ ઘણું કામ શરૂ કરી દીધું. પહેલા હું થોડો સમય નદીમાં રેતી ભરવાનું કામ કરતી. એક ટ્રેકટર રેતી ભરતી ત્યારે ૫ રૂપિયા મળતા. જેમ તેમ મારા ઘરનું ગાડુ ચાલવા લાગ્યું. થોડો વખત અમે સાબરમતી પાસે રહયાં. ને પછી મારા

ઘરવાળાને કોઈએ કીધું કે, બાપુનગર વિસ્તાર બાજુ રહેવા જતા રહો ત્યાં તમને કામ અને રહેવું પણ મળી રહેશે. વળી જમાલપુરથી બાપુનગરમાં આવ્યા ત્યાં કામ બદલાયું અને રહેવાનું પણ. અહી ભાડાનું ઘર રાખ્યું. હવે નવી જગ્યાને નવું કામ મળ્યું. આમ તો નવું તો કાંઇ ન કહેવાય, એ તો મારા દેશમાં આ કામ જોયેલું એટલે મેં એ કામ કરવાનું શરૂ કર્યુ. અહીયા તો બધા લોકો જુદાં જુદાં કામ કરે. કોઇ ઘરકામ કરવા જાય, તો કોઇ કડીયા કામ કરે, કોઇ કપડાં વેચવા જાય, તો કોઇ લાકડાના બોક્ષ બનાવે. બધાંય કામ મેં કર્યા છે.''

મારા બાજુમાં રહેતા પુરીબહેન જુની સાડી લાવી અને તેને ધોઇને બાપુનગર ચાર રસ્તા પાસે બજારમાં વેચવાનું કામ કરતાં. એમને જોઇ મને પણ વિચાર્યુ આવ્યો કે, હું પણ આવો કાઇક ધંધો કરું તો ! એટલે મેં મિલમાંથી કાપડના ટુકડા લાવીને વેચવાનું કામ શરૂ કર્યુ. ધીરે ધીરે એ ટુકડાને હાથેથી સીવીને ખોળો બનાવતી થઇ. ત્યાં કોઇ કહે, શારદાબહેન તમે મશીન લઇ લો અને મશીનથી સીવીને વેચો. ત્યારે પહેલીવાર મેં અડધા આટાનું જુનુ મશીન લીધું અને ઓશિકાના કવર અને થેલીઓ રોજ ઘરે બનાવી તૈયાર કરી અને માર્કેટમાં વેચવા બેસી જાઉ. ને એમા જે મળે તેમા મારા પરિવારનું પૂરું કરતી. મજૂરી જોઈ નથી અને હું શીખી નથી, એ મારામાં આવડત હતી. ને પુરીબેને મને 'સેવાબેંક'માં ખાતુ ખોલાવવા કહ્યું, તે ખોલાવ્યું ને આજે ૨૨ વર્ષ થઇ ગયા. સિલાઇનું કામ કરતાં. આમ થોડી ઘણી બચત કરતી થઇ અને પહેલી વાર મેં ૧૦ હજાર રૂપિયાની લોન લીધી અને એમાંથી મેં મારા ખોળોના કામ માટે મશીન લીધું. હું તો સાવ અભણ અંગુઠાછાપ, પણ બેંકે મને લોન આપી ને મારે પોતાનું મશીન લેવાયું. થોડી- ઘણી ગણતરી કરી લેતી, ધંધામાં જે મળે તેમાંથી લોનનો હપતો ભરવાના પૈસા જુદા કરી લેતી અને બચે તેમાંથી ઘરનું દૂધ-શાક અને બીજી વસ્તુઓ લેતી. ધીરે ધીરે બધું થાળે પડવા લાગ્યું અને અમારું પોતાનું ઘર લીધું. મારા ઘરવાળા પણ કામ કરવા લાગ્યા અને મને થોડી મદદ કરતા છોકરાઓને થોડું ઘણું ભણાવ્યાં, લગ્ન કરાવી તેમને પણ કામે ધંધે લગાવ્યા. આજે મારે મનને શાંતિ લાગે છે કે, ઘર પરિવાર અને મારા ધંધામાં પણ સારું ચાલે છે. ''એટલે ધીરજના ફળ હંમેશા મીઠા હોય છે એ કહેવત મને મારા જીવનમાં સાચી લાગી જ્યારે કોઈ મજૂરી કરવાની બાકી નથી રાખી !'' શારદાબેન હસતાં હસતાં કહે છે.

**- ગોમતી**

❑

**સેવાની પાટે...**

# આહિર સામાજના વૈશાખી તેરસના લગ્ન પ્રસંગે

આજે રાધનપુર અને કચ્છ જિલ્લાના બહેનો 'સેવા'માં તાલીમમાં આવેલા. એમાં સખીબહેન, પવનબા, ગૌરીબહેન, મીનાબહેન અને કોકિલાબહેન 'સેવા'ની પાટે બેઠાં બેઠાં એકબીજા વાતો કરી રહ્યા હતા.

પહેલાં પવનબાએ વાત માંડી... કહે, આપણે આહિર સમાજમાં હજારો વર્ષોથી વૈશાખી તેરસના વગર જોયા મુરતમાં લગ્ન કરવામાં આવે છે. જે પરંપરા વર્ષોથી ચાલુ છે. જેમાં સાંજે સાત વાગ્યાથી રાત્રીના સમયમાં વરઘોડિયાને ફેરા ફેરવવામાં આવે છે. જે આ વચન કૃષ્ણ ભગવાનાં વંશ કહેવાતા, આહિર સમાજમાં વર્ષો જૂની પરંપરા છે. તેજ રીતે વર્ષમાં એક જ વાર વૈશાખી સુદ તેરસના દિવસે મુરત જોયા વગર રાતના સમયમાં લગ્નવિધિ કરવામાં આવે છે.

ત્યાં મીનાબહેન પવનબાની વાત સાથે સહમતી આપતા બોલ્યા, હા હોં પવનબા તમે એક્દમ સાચી વાત કીધી. મને તો એ વખત યાદ આવે છે જ્યારે દેશમાં વૈશાખ મહિનામાં યુદ્ધ જેવાં માહોલની પરિસ્થિતિ સર્જાયેલી હતી અને અમારા બધા આહિર સમાજના ગામો પાકિસ્તાનની બોર્ડર પર આવેલા છે. આવી પરિસ્થિતિને ધ્યાનમાં લઇ આહિર સમાજના આગેવાનોએ સરકારના અધિકારીઓ અને આર્મીના લોકોને સાથે રાખી સમાજના અને દેશના હિત માટે સહકાર આપી સ્વેચ્છાયે આગેવાનોએ નિર્ણય લીધો, કે આહિર સમાજના લોકો હવે જૂની પરંપરા એકબાજુ રાખીને રાત્રીના બદલે દિવસે લગ્ન કરશે અને સાંજે સાત વાગ્યે લગ્નની બધી વિધિ પતાવીને પોતાના ઘરે રવાના થશે. આવું ચોખ્ખું કહી દીધેલુ.

ત્યાં મોટા અવાજે કોકિલાબહેન કહે, હા એ તો મને પણ યાદ આવ્યું, એ ટાણે તો રાતના કોઈ વાહન વ્યવહાર નહોતા કરતા અને ગામની લાઈટ બંધ કરવામાં આવી હતી અને વળી ફટાકડાં, ડીજે અને અન્ય વાજિંત્રોનો પણ ઉપયોગ ન કરવા દેતા. એકદમ સાદગીમાં લગ્નની વિધિ પુરી કરવી પડી હતી. વળી, ગામના અને સમાજના લોકોએ સરકાર અને દેશને આવા ટાણે સહકાર આપ્યો હતો. આ અમારા માટે ઐતિહાસિક વૈશાખી તેરસના લગ્ન કરવામાં આવ્યા જે અમે આટલાં વર્ષોથી જોયું નહતું અને વિચાર્યુ પણ નહતું કે આવી રીતે સમાજ એક સાથે રહીને સાથ સહકાર આપીને બદલાવ લાવશે.

હા પણ એ થયું હતું હોં... વિચારોના વંટોળોમાં ખોવાયેલા

સખીબહેન કહે, હા ત્યારે તો બધા જ ગામોની સમયસર દિવસમાં જાનો આવી તી ને સાત વાગ્યા પહેલાં તો સહુ વરઘોડિયા પરણીને પોતાના ગામોમાં પરત ફરી વળ્યા હતા. મેં તો એ ય જોયું હતુ કે, ત્યાં જમણવાર પણ જુદા જુદા નહોતા કરતા એક જગ્યા એ જમણવાર કરવામાં આવ્યું હતુ. તેમજ ફટાકડાં, ડીજે અને અન્ય વાજિંત્રોનો પણ ઉપયોગ ન કર્યો. જેથી તમામ સભ્યોને આર્થિક રીતે પણ ઘણો ય વધારે ફાયદો થયો હતો. આનાથી વાતારવણ પણ ચોખ્ખું રહ્યું અને ખર્ચા ય ઓછા થયા હતા અને વળી બધાએ સાથે મળીને હરખે રાસ પણ રમ્યા હતા.

આ બધી રીતો જોઈને સમાજના આગેવાનો પણ હવે આગળ આવતા સમયમાં આ રીતે કરવું તેવું વિચાર્યુ. જે લોકોની આર્થિક પરિસ્થિતિ નબળી હતી તે પણ સચવાયા હતા.

આ બધા બહેનોની વાતો સેવાની પાટે... સાંભળીને લાગે કે, હા આપણે આપણી પરંપરાઓને થોડે અંશે બદલીએ તો ઘણાયને હળવાશ અનુભવાય હોં બહેનો...

**- રીમા**

❑

# શમશાદઆપાને આપણા સલામ



શમશાદબેન ‘સેવા’ની પહેલી પેઢીના આગેવાન. દરીયાપુરના રહેવાશી, શમશાદબેન વર્ષોથી ખોળ સીવવાનું કામ કરતાં હતા. તેમને ઠેકેદાર કામ આપતા અને આમ પોતાનું ગુજરાન ચલાવતા. તૈયાર કરેલ ખોળ દુકાને આપવા જતાં એક દિવસ કરીમાઆપા એ તેમને જોયા.

કરીમાઆપા એ શમશાદબેનને સેવા સંગઠન વિષે વાત કરી અને સભ્ય બનાવ્યા. ખોળ સીવનાર બેનોની ‘‘સબીના’’ મંડળીમાં શમશાદબેનને ચીંદી છાટવાના કામમાં જોડ્યા. કાચા માલને છૂટો પાડવાનો અને ચીંદી સભ્ય બેનોને સીવવા માટે આપવાનું કામ કરતાં.

ત્યારબાદ કપડાના નાના ટુકડા સીવીને પેચવર્કનું કામ કરતાં જેમાં શાન્તાબેન અને મોહનભાઇ સાથે કામ કર્યું.

જોગાનુજોગ મારી અને શમશાદબેનની મુલાકાત થઇ. હું સેવામાં નવી હતી અને ઈલાબેને મને સભ્યો માટે આરોગ્ય સેવા ઊભી કરવાનું કામ સોંપ્યું. જોડે અનુભવી આગેવાન એવા સુમનબેન મને સાથ આપતા. જ્યારે આરોગ્ય ટીમ શરૂ કરી ત્યારે રેનાનાબેને મને શમશાદબેનનું નામ કાર્યકર્તા તરીકે સૂચવ્યું. ત્યારે શમશાદબેનને કામની ખૂબ જરૂર હતી. એકલા હાથે બન્ને છોકરા- સલીમ અને શમાને સાચવવાના ને ભણાવવાના હતા.

સુમનબેન અને રોશનબેન સાથે કામ ચાલુ કર્યું. શમશાદઆપાના લોહીમાં સેવા. વફાદાર, ખંતપૂર્વક કામ કરનારા શંકરભુવનના આરોગ્ય સેવિકાની દેખરેખ રાખતા. આ કામ તો સહેલું નહોતું. પાણી-ગટરની વ્યવસ્થા માટે સૌના સાથ-સહકારની જરૂર હતી. ધીરજથી અને બધાને સાથે સંપર્કમાં રાખીને બધાનું સંગઠન કર્યું, સમજાવ્યું અને આરોગ્ય સેવિકા લીલાબેન અને શારદાબેનની સાથે રહીને કામ પૂરું કર્યું. શંકરભુવનમાં પરિવર્તન લાવનાર શમશાદબેન ! આજ દિન સુધી નાના છોકરાથી માંડીને મોટાઓ તેમને યાદ કરે છે.

જ્યારે ૧૯૯૦માં લોક સ્વાસ્થય મંડળીની નોંધણી કરાવવાની હતી, ત્યારે શમશાદ આપા ૫૦ મુખ્ય પ્રયોજકોમાંથી એક હતા. તરત જ શેર લીધા અને મંડળો ચલાવવામાં શરૂઆતના દિવસોમાં ખૂબ અમૂલ્ય ફાળો આપ્યો. શમશાદબેનનું આખુ જીવન સંઘર્ષમાં પસાર થયું, પણ કોઈ દિવસ કામમાં ખબર જ ન પડી. સલીમને આઈ. ટી. આઈ.માં જતો કરીને ટેકનિકલ એન્જિનિયરનું કામ શીખવાડ્યું. આજે સલીમભાઈ ગાડીના સાધનોનો ધંધો કરે છે અને તેમની ખુદની દુકાન છે. શમાબેન તો વીમો સેવાના કાર્યકર્તા અને તેમના અમ્માના જેમ જ મહેનતથી અને કામદારોને સમજાવીને વીમો લાવે છે. આગેવાનોને માર્ગદર્શન તથા ટેકો આપે છે. આખું કુટુંબ શમશાદ આપાની મહેનત અને ઈમાનદારીથી આગળ આવ્યું. કોઈના ઉપર આધાર નહી રાખ્યો. સ્વતંત્રતા અને પગભરતામાં માનતા આપણા શમશાદબેન.


હું શમશાદ આપાને પ્રેમથી યાદ કરું છું. થોડા દિવસ પહેલા તેમની તબીયત પૂછવા હું તેમને મળવા ગઈ. મને જોઈ બહુ ખુશ થયા. જૂની વાતોને વાગોળી થોડી ગપ-શપ કરીને ખૂબ હસ્યાં. શરીરમાં તકલીફ, પણ આંખોમાં તેમની આત્મશક્તિ પહેલા જેવી જ હો...!

મારા વ્હાલા સાથીને સેવા લોક સ્વાસ્થય મંડળી તથા મારા તરફથી પણ શુક્રિયા અને સલામ !

**- મિરાઈ**

❑

## શાંત અને સરળ સ્વભાવ વાળા વ્યક્તિ એટલે પંકજભાઇ



પંકજભાઇને છેલ્લા પચ્ચીસ વર્ષથી ઓળખુ છું. ઇલાબહેન સાથે કામ કરતા હતા. પંકજભાઇ વિશે શું લખવું એ મને સમજાતુ નથી. શાંત અને સરળ સ્વભાવ વાળા વ્યક્તિ એટલે પંકજભાઇ. કોઇ દિવસ વધારે બોલવાનું નહી. જરૂર પુરતુ જ બોલવાનું.

ઇલાબહેન દેવ થયા પછી ત્રણ વર્ષથી સતત પંકજભાઇ સાથે કામ કરવાનો મોકો મળ્યો. પંકજભાઇ રિક્ષા ચલાવતા. એમની રિક્ષામાં સેવાની બધી ઓફિસો, ભગિની સંસ્થાઓ અને બેંકોના કામ માટે હું સાથે જતો. તા. ૧૭, જુલાઇએ એમને આ દુનિયામાંથી વિદાયી લેવાની હતી એ દિવસે અમે સાથે નહોતા. પણ, રોજના જેમ જ એ દિવસે ૧૨ વાગ્યે મને ફોન કર્યો અને કહે, આજે આપણે સાથે નથી હું મોટી ગાડીની વર્ધીમાં બહાર છું. અને બપોરના ૩ વાગ્યાને મને સમાચાર મળ્યા કે, પંકજભાઇ હવે નથી રહ્યા. આ સાંભળીને મને ખૂબ જ દુ:ખ થયું.

અમે એક બે દિવસ જ છુટા પડયા તે આટલા બધા છેટા પાડી દીધા ભગવાન ? હશે પ્રભુને ગમ્યુ તે ખરુ. ભગવાન તેમની આત્માને શાંતિ આપે તેવી હ્રદયપૂર્વકની પ્રાર્થના.

**- કિશોર વાળોદરા**

## સેવા સમાચાર

મારું નામ રીટા ચૌહાણ છે. હું વિનોબા ભાવેનગર, અમદાવાદમાં રહું છું. મારા આજુબાજુ ના વિસ્તારમાં આશરે ૧૦00 બહેનો હાથના મોજા સીવવાનું કામ કરે છે. હું પણ મારી વહુ સાથે આ કામ ૩૦ વર્ષ થી કરું છું. આ મોજા સાદા કોટનના કપડાથી અથવા જૂની જીન્સ પેન્ટના કપડાથી બનાવવામાં આવે છે. કાપડ કટિંગનું કામ કારખાનામાં થાય છે, અને પછી તે સીવવા માટે અમારા પાસે આવે છે. જયારે સીવવા બેસીએ ત્યારે તેને ફરીથી થોડું કટિંગ કરવું પડે નહી તો સીવતા ના ફાવે. મોજાનું કટિંગમા ચાર ભાગમાં આવે. અંગુઠાનું કટિંગ, પાંચ આંગળીઓ, હથેળી, અને ઉપરના ભાગનું કટિંગ, જેને જોડીને એક મોજું તૈયાર થાય છે. મોજામાં બે પ્રકારના મોજા સીવવામાં આવે છે સાદા કાપડના ૭૦ રૂપિયા અને જીન્સના કાપડના ૯૦ રૂપિયા ભાવ મળે છે. મોજા સિલાઈ માટે ધાગા શેઠ આપે છે, મોટરવાળા મશીનમાં સીવીને મોજા તૈયાર થાય છે. મોજા સિવાઈ ગયા પછી તેને સીધા કરવાના અને તેને ગણીને કલર મુજબ ૫૦ ૫૦ નંગના બંડલ બાંધીને મુકવામાં આવે છે. ઘરે બેસીને દિવસમાં ૨૦૦ થી ૨૫૦ રૂપિયાનું કામ થઈ જાય છે

હાલમાં મોજા સીવવાનું ભાવ વધીને કોટનના મોજાના ૭૦ રૂપિયા અને જીન્સના મોજાના ૯૦ રૂપિયા થયો છે, જે પહેલાં ૫૦ રૂપિયા અને ૭૦ રૂપિયા હતો. હું સેવામાં ૩૦ વર્ષથી આગેવાન તરીકે જોડાયેલી છું અને દર મહિને સેવામાં ધંધા સમિતિ માં આવું છું સેવામાં જોડાયા પછી મને એવું સમજાયું કે કામ કઈ રીતે કરવું, આપણો હક કઈ રીતે માંગવો, અને શેઠ સાથે વાતચીત કેવી રીતે કરવી.મોંઘવારી સતત વધી રહી છે,પણ મજૂરીનો ભાવ વધતો નથી.આ પ્રશ્ન અમે બધાં બહેનો સાથે વાત કરીને આના માટે શેઠ સાથે વાત કરવાની નક્કી કર્યું. શેઠે અમારી વાત સાંભળવાનો ઇનકાર કર્યો અને ભાવ વધારો ના થાય એમ કહ્યું અને બધાએ વારંવાર સાથે મળીને વાત કરી, ભાવ વધારવા માટે કામ બંધ કરીશું અને શેઠ બીજાને કોઈને કામ આપી દેશે તો આપને આ કામ બંધ થઈ જશે અને આટલા રૂપિયા ઘરમાં આવતા બંધ થઈ જશે તો ? બધાએ ખુબ ચર્ચા કરીને અને મક્કમ રહીને જે થાય તે પણ એક સાથે મળીને કામ બંધ રાખ્યું. એક દિવસ, બે દિવસ એમ દસ દિવસ થયા કામ બંધ. શેઠે બધાને બોલાવ્યાં અને કહ્યું કે, ''કામ બંધ કરશો તો કઈ રીતે ચાલશે તમને કેટલો વધારો જોઈએ છે?'' એમાં પણ ઘણી ચર્ચા થઇ અને પછી છેવટે ૨૦ રૂપિયાનો વધારો ૧૦૦ નંગ પર નક્કી થયું. એક દિવસમાં અમને ૬૦ થી ૭૦ રૂપિયા નો વધારો મળ્યો. બહેનો બધી આનંદ ભેર પોતાના કામમાં ફરી પછી વળી.

આ સફળતા અમને સંગઠનના બળ અને એકતા સમજાવે છે. આજે અમે બધી બહેનો આ સફળતાથી ઉત્સાહિત છીએ અને પોતાના હક્ક માટે અવાજ ઉઠાવવાનો આત્મવિશ્વાસ પણ આવી ગયો છે. સેવામાં જોડાઈને અમને નવી શક્તિ મળી છે. ''જય સેવા''...

❑

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2024

Ahmedabad P.S.O.
6-12, 22-12-25

**અનસૂયા**

- ૪૩માં વર્ષમાં પ્રવેશી ચૂકેલું પાક્ષિક 'અનસૂયા'

- થોકબંધ પ્રકટતા વૃત્તપત્રો વચ્ચે મહિલાઓની શ્રમશક્તિનું સુકાન બની અવિચળ સ્થાન મેળવી ચૂક્યું છે.

- શ્રમજીવી મહિલાઓ સાથે સમગ્ર મહિલા વિશ્વને એક તાંતણે બાંધવા સદાય તત્પરતા દાખવતો 'અનસૂયા'નો વાચકવર્ગ સર્વવર્ગીય છે.

- 'સેવા' અમદાવાદથી વિસ્તરીને ગુજરાત, ભારત અને આંતરરાષ્ટ્રીય વિકાસ સાધે છે ત્યારે તેના મુખપત્ર 'અનસૂયા'ના ફલકનો વ્યાપ વધ્યો છે.

- વિસ્તૃત વાચકવર્ગ સુધી 'અનસૂયા' પહોંચાડવાના આદરેલા અભિયાનમાં જોડાવા વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- અને આજીવન લવાજમ રૂા. ૭૦૦/-નો સૌનો સાથ અગત્યનો ગણાશે.

**દર મહિને છઠ્ઠી અને બાવીસમી તારીખે**
**'અનસૂયા' પ્રકટ થાય છે.**

**Place to Send Subscription :**

**Shree Mahila SEWA Anasooya Trust**

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, iasew1905@gmail.com

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** 6-12, 22-12-25

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001

[redacted]